# ખેડૂતો રસ્તા પર ટામેટા નાંખવા મજબુર

## અરવલ્લીમાં ૪૦૦ હેક્ટરમાં ટામેટાંની ખેતી કરનાર ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળતા બેહાલ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં ખેડૂતો પરંપરાગત ધાન્ય, તેલીબિયાં અને કઠોળની ખેતી સાથે હવે ખેડૂતો શાકભાજીનું વાવેતર કરી રહ્યા છે. ત્યારે જીલ્લામાં ૪૦૦થી વધુ હેક્ટરમાં ટામેટાની ખેતી કર્યા બાદ ખેડૂતોને ટામેટાના પાકમાં પોષણક્ષમ ભાવ નહિ મળતા ખેડૂતો પરેશાન બન્યા છે. મોંઘા ભાવે બિયારણ લાવી સારા ઉત્પાદનની આશા રાખી બેઠેલા ખેડૂતોને બજારમાં ભાવ નહિ મળતા ટામેટા રસ્તા ઉપર ફેંકી દેવા મજબુર બન્યા છે.

અરવલ્લી જિલ્લાના કે જ્યા ખેડૂતોને મહામહેનતે પકવેલો ટામેટાનો પાક પોષણક્ષમ ભાવ નહિ મળવાને પગલે રસ્તા ઉપર નાખી દેવા મજબુર બનવું પડ્યું છે. જિલ્લામાં ખેડૂતોએ ૪૦૦ હેક્ટર જમીનમાં ટામેટાના પાકનું વાવેતર કર્યું છે. વાવેતર બાદ હાલ પાક તૈયાર થઈ ગયો છે તેવામાં ટામેટાના પાકના પોષણ ક્ષમ ભાવ નહિ મળતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.



બજારમાં ખેડૂતોને પ્રતિ કિલો પાછળ માત્ર ૪ થી ૫

**શાકભાજીના હોલસેલ વેપારી યુસુફભાઈના જણાવ્યા અનુસાર**

શાકભાજીનો હોલસેલ વેપાર કરતા યુસુફભાઈએ જણાવ્યું હતું કે ટામેટાનું મબલખ ઉત્પાદનને કારણે ભાવ ઘટાડો થવાની સાથે ટામેટાની માંગ ઘટી હોવાના કારણે ભાવ મળી શકતા નથી. જેના કારણે ખેડૂતને મોટું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. રૂપિયાનો ભાવ મળતા ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ નીકળતો નથી જેથી ખેડૂતોને નુકશાન જતા ના છૂટકે ખેડૂતોને પોતાનો પાક રસ્તા ઉપર નાખી દેવા મજબુર બનવું પડી રહ્યું છે.

મોડાસા તાલુકાના દોલપુર કંપાના ખેડૂતોએ કંપાની ૧૦ વીઘા જમીનમાં મોટા પ્રમાણમાં ટામેટાના પાકનું વાવેતર કર્યું છે, ખેડૂતને એક વીઘા પાછળ ૧૮ થી ૨૦ હજાર ખર્ચ થયો છે, બીજી તરફ ઉત્પાદન પણ મબલખ થયું છે જેની સામે હાલ બજારમાં ભાવ માત્ર ૨૦ કિલોના ૮૦ થી ૧૦૦ રૂપિયા મળી રહ્યા છે જેથી ખેડૂતોને ટામેટાના પાકમાં મોટું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

ખેડૂતો પાસેથી ૪ થી ૫ રૂપિયે કિલો ખરીદાતા આ ટામેટા છૂટક બજારમાં ૨૦ થી ૩૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે ત્યારે મહેનત કરી પાક પકવતા ખેડૂતો દેવાદાર જ્યારે બજારના વેપારીઓ માલામાલ બને તેવી સ્થિતિ ઉભી થઈ છે.

# પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર મોતની સવારીના દ્રશ્યો કેમેરામાં કેદ

## પ્રાંતિજ પોલીસને માસ્ક ના પહેરનાર ઉપર નજર પડે છે મોતની સવારી નથી દેખાતી

સાબરકાંઠાજિલ્લા સહિત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ૩૨માં માર્ગ સપ્તાહ સલામતી મહિનાની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે જ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર મોતની સવારીના દ્રશ્યો જોવા મળે છે ત્યારે પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા ઉપર માસ્ક પાવતી ફાડતી પોલીસને મોતની સવારી આવતા જ કશુ દેખાતુ નથી.

લો બોલો સાબરકાંઠા જિલ્લામાં ૩૨મા માર્ગ સપ્તાહ સલામતી મહિનાની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે બીજી બાજુ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ચિલોડા નેશનલ હાઈવે આઠ ઉપર જિલ્લા પોલીસ અને પ્રાંતિજ પોલીસની મહેરબાનીથી પ્રાઈવેટ વાહન



ચાલકો પોતાના વાહનોમાં અંદર બહાર સહિત જીપની છત ઉપર ઘેટા બકરાંની જેમ મોતની સવારીના દ્રશ્યો અવારનવાર જોવા મળે છે ત્યારે ગરીબ, મજુરીયાત મધ્યમ વર્ગના લોકો પાસેથી માસ્ક ના પહેર્યુ હોય તો દંડ વસુલ કરતી પ્રાંતિજ પોલીસ અને જિલ્લા પોલીસને આ મોતની સવારીના દ્રશ્યો કેમ દેખાતા નથી. પ્રાંતિજ ટોલનાકા ઉપર ઉભેલ આરટીઓને પણ આ મોતની સવારીના દ્રશ્યો દેખાતા નથી, ત્યારે હાલ તો મોતની સવારી કરી રહેલ મુસાફરો કેમેરામાં કેદ થયા છે. પ્રશ્ન એ થાય છે કે શું આ બધુ હપ્તાની માયાજાળ છે. હપ્તાની લ્હાયમાં મોતની સવારીને છુટોદોર આપવામાં આવ્યો છે તેવું હાલ તો જણાઈ આવે છે. હાલ તો ૩૨મા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત નેશનલ હાઈવે આઠ ઉપર દશ્યો જેવા મળી રહ્યા છે. લાઈનની ગાડીઓ હોય જેથી પોલીસ અને આરટીઓની છત છાયા હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. ત્યારે આમને આમ રહશે તો કોઈ મોટી દુર્ઘટના સર્જાસે તો જવાબદારી કોના શિરે રહેશે એવા કેટલાય સવાલો માત્ર સવાલ કરી રહ્યા છે પણ કોઈ જવાબ નથી.





## માલપુર જાયન્ટસ અને સહિયરનો શપથવિધી સમારોહ યોજાયો

માલપુરમાં જરૂરિયાતમંદ લોકોની સેવા કરતી અને દરેક લોકોને લાભ થાય તેવા કાર્યો કરતી જેવા કે મેડિકલ કેમ્પ, ઉકાળા, મફત નેત્ર નિદાન અને ઓપરેશનના કેમ્પ, ધાબળા વિતરણ, કપડાં વિતરણ, ચપ્પલ વિતરણ જેવા ઘણા કામ કરતી જાયન્ટ્સ માલપુર અને જાયન્ટ્સ માલપુર સહિયરનો શપથવિધિ સમારોહ જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનના ચેરમેન વી.કે. પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં ફાઉન્ડેશનના વાઈસ ચેરમેન નિલેશભાઈ જોશી અને જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન ઝોન-૧ના ઉપ પ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ અને વિઠ્ઠલભાઈ પટેલ અને જગદીશભાઈ ચૌહાણ, મેઘરજ અને વૈયા રામદેવ આશ્રમના પૂ. દીપકભાઈ રામદેવપુત્રમ, ડૉ. ગોસ્વામી, અમિત કવિ, મહેશભાઈ, હાજર રહી સંગઠન અને સેવા કરવાની વાત કરી નવનિયુક્ત જાયન્ટ્સ માલપુર અતુલભાઈ સુથાર અને જાયન્ટ્સ માલપુર સહિયરના પ્રમુખ દક્ષબા રાઠોડને વર્ષ દરમિયાન સારા સેવાના કામ કરો તેવા આશીર્વાદ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રમુખના હોદ્દામાંથી નિવૃત થતા રમેશજી સોની અને પ્રીતિબેન સોનીનું જાયન્ટ્સના સભ્યોએ વર્ષ દરમ્યાન સારા કામ કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. આભારવિધિ અને કાર્યક્રમનું સફળ સંચાલન સંજયભાઈ ત્રિવેદીએ કર્યું હતું.

# ધાનેરાના બાપલામાં સમાધિ સ્થળને તોડવાનો વિરોધ ગોસ્વામી સમાજના આગેવાનો દ્વારા ઉચ્ચસ્તરે રજૂઆતો

ધાનેરા, તા. ૨૦

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના બાપલા ગામે આવેલ દશનામ ગોસ્વામી સમાજના સમાધિ સ્થળને સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા દબાણ દર્શાવી તોડી પાડવાની હિલચાલના સમગ્ર સાધુ સમાજ તથા દશનામ ગોસ્વામી સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. આ અંગે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

બાદરપુરા ભુતેડી મઠના મહંત સ્વામી અમિશપુરી ગોસ્વામી, વરસડા મઠના મહંત મુકેશ પુરી ગોસ્વામી, વણસોલ મઠના મહંત રતુભારથી ગોસ્વામી સહિત દશનામ ગોસ્વામી સમાજના અગ્રણીઓ દ્વારા ટૂંક સમયમાં જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવાના ચક્રો ગતિમાન કર્યા છે. સમાધિ સ્થળને તોડવા મુદ્દે દશનામ ગોસ્વામી સમાજમાં ભારે નિરાશા છવાઈ છે. જેથી આગેવાનોએ સમાજને માનસિક રીતે પરેશાન કરવાનું કાવતરું હોવાના આક્ષેપો કરી પવિત્ર સ્થળને સલામત રાખવાની માંગ કરી હતી.

## બનાસકાંઠા જિલ્લા કિસાન મોરચાના ઉપપ્રમુખ કાનજીભાઈ ધુળિયાનુ અવસાન

વડગામ તાલુકા ભાજપ યુવા મોરચાના પૂર્વ પ્રમુખ અને બનાસકાંઠા જિલ્લા કિસાન મોરચાના ઉપપ્રમુખ કાનજીભાઈ ધુળિયાનુ દુઃખદ અવશાન થતા વડગામ ભાજપે એક નેક કર્તવ્ય નિષ્ઠ આગેવાન ગુમાવ્યાનો વસવશો વ્યક્ત કર્યો હતો.





વડગામ લક્ષ્મણપુરાના વતની અને યુવા કાર્યકર કાનજીભાઈ ધુળીયા નેક અને કર્તવ્ય નિષ્ઠ ભાજપના ઉમદા કાર્યકર હતા. જેવો સ્વભાવે હસમુખા અને આખો બોલા હતા. કાનજીભાઈ ધુળીયા વડગામ તાલુકા ભાજપના યુવા મોરચાના ઉપપ્રમુખ પદે સેવાઓ આપી હતી તેમજ બનાસકાંઠા જિલ્લા કિસાન મોરચાના ઉપપ્રમુખ પદે કાર્યરત હતા. વડગામ શહેરમાં સામાજિક કાર્યકરથી તેઓ લોક સેવા કરીને ભારતીય જનતા પાર્ટીના પાયાના કર્તવ્ય નિષ્ઠ કાર્યકર સાથે પાર્ટીમા વિવિધ જવાબદારીઓ પણ સંભાળી હતી.

# અરવલ્લી પોલીસતંત્રમાં ભારે ઉલટફેર

## એસપી સંજય ખરાતે સાગમેટે ૩૫ પોલીસકર્મીઓની આંતરિક બદલી કરતાં પોલીસ બેડામાં ચર્ચા

અરવલ્લી જીલ્લામાં જુદા જુદા પોલીસ સ્ટેશનો અને વિવિધ એજન્સીઓમાં ફરજ બજાવતા ૩૫ પોલીસ કર્મચારીઓની જીલ્લા પોલીસવડા સંજય ખરાતે અરસ-પરસ બદલીનો ગંજીપો ચીપ્યો છે જેમાં છેલ્લા કેટલાક વર્ષોથી એક નેક પોલીસસ્ટેશનમાં અને પોલીસતંત્રની વિવિધ શાખાઓમાં કેટલાક વગદાર પોલીસ કર્મચારીઓ (વહીવટદાર) તરીકે દબદબો ધરાવતા પોલીસકર્મીઓની પણ બદલી કરવામાં આવતા ઈમાનદાર પોલીસકર્મીઓમાં આનંદ છવાયો છે.





સ્વચ્છ છબી ધરાવતા એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં કેટલાક પોલીસતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ભાઈબંધી બાંધી બેફામ બનેલ બુટલેગર અને વરલી-મટકા અને જુગારના સ્ટેન્ડ ચલાવતા અસામાજીક તત્વો ભૂગર્ભમાં ઉતરી જતા એસપીની કામગીરીને લોકોમાં ભારે આવકાર મળી રહ્યો છે બુટલેગરો સાથે ભાઈબંધી રાખતા પોલીસ કર્મીઓને પણ સસ્પેન્ડ કરાઈ રહ્યા છે.

બીજી બાજુ જીલ્લા પોલીસતંત્રમાં વહીવટદાર તરીકે દબદબો ધરાવતા પોલીસ કર્મીઓમાં સોપો પડી ગયો છે. જીલ્લાના પોલીસ મથકોમાં ફરજ બજાવતા અને વહીવટદાર તરીકે વગોવાયેલ કેટલાક પોલીસકર્મીઓ તો બદલીના સ્થળે હાજર પણ ભૂતકાળમાં ન થયા હોવાના અને જે તે પોલીસ સ્ટેશનમાં પડ્યા પાથર્યા રહેતા હોવાની બૂમો ઉઠી હતી અને રાજકીય અગ્રણીઓ અને ગાંધીનગર સુધી પડીકું પહોંચતું કરી પરત જે તે પોલીસ સ્ટેશનમાં ગોઠવાઈ જતા હોવાની પોલીસબેડામાં ચર્ચાઓ જે તે સમયે ચાલતી રહી છે.

કેટલાક પોલીસ સ્ટેશનમાં પીઆઈ કે પીએસઆઈ કરતા વહીવટદારોનું પ્રભુત્વ વધુ જોવા મળતું હતું ત્યારે જીલ્લા પોલીસવડાએ બદલી થયેલ ૩૫ પોલીસકર્મીઓએ કોઈ પણ પ્રકારના બેક રેફન્સ વગર છુટા થવા અને બદલીના સ્થળે હાજર થવાની તાકીદ કરતા વહીવટદાર તરીકે વગોવાયેલ પોલીસકર્મીઓમાં સોપો પડી ગયો છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં અસામાજીક પ્રવૃતિઓ ડામવા અને પ્રોહીબીશનની શખ્ત અમલવારી માટે જીલ્લા પોલીસતંત્રને શખ્ત કાર્યવાહીના આદેશ આપવામાં આવતા કેટલાક પોલીસકર્મીઓની શંકાસ્પદ કામગીરી હોવાની માહિતી એસપી સંજય ખરાતના કાને પડી હતી થોડા મહિના અગાઉ ૯૪ પોલીસકર્મીઓની બદલી કરાયા બાદ મંગળવારે સાગમેટે ૩૫ પોલીસ કર્મીઓની આંતરિક બદલી કરવામાં આવતાં જિલ્લાના પોલીસબેડામાં ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે.

અરવલ્લી જિલ્લા પોલીસવડા સંજય ખરાતે મંગળવારે એ.એસ.આઈ, હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ સહિત ૩૫ જેટલા પોલીસકર્મીઓની શહેર ઉપરાંત જિલ્લામાં આતંરિક બદલીઓ કરી છે, એકીસાથે ૩૫ પોલીસકર્મીઓની બદલીઓ થતા જિલ્લાભરના પોલીસબેડામાં ચર્ચા જાગી છે. પોલીસ કર્મચારીઓના જાહેર હિતમાં તેમજ વહીવટી સરળતા ખાતર બદલીઓ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

ઘરમાં રહો
સુરક્ષિત રહો



## બાયડના તબીબોએ કોરોનાની રસી લીધી

૧૬ તારીખથી આખા ભારતદેશમાં રસિકરણનો શુભારંભ કરવામાં આવ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે આવેલા આરોગ્ય કેન્દ્ર ખાતે રસિકરણનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં તાલુકા આરોગ્ય અધિકારી સહિત બાયડ નગરના તબીબો, વાત્રક હોસ્પિટલના તબીબોએ રસી મુકાવી હતી અને જનતાને મેસેજ આપ્યો હતો કે રસી સલામત છે. રસી મુકાવવાથી કોઈ આડઅસર નથી દરેકે રસી લેવી જોઈએ.

# પ્રાંતિજ સી.એસ.સી. ખાતે આરોગ્ય કર્મીઓને કોવિડ રસી આપીને પ્રારંભ

## રજીસ્ટ્રેશન મુજબ ૫૧ કોરોના વોરીયર્સોને રસી અપાઈ

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક





આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના વેકિસન રસી આપવાનો આજથી પ્રારંભ કરવામાંઆવ્યોહતોજેમાંરજીસ્ટ્રેશન મુજબના ૫૧ કોરોના વોરીયર્સોને રસી આપવામાં આવી હતી.

છેલ્લા દસ મહિનાથી દેશભરમાં કોરોનાની મહામારીથી લોકો ત્રસ્ત બન્યા હતા ત્યારે કેન્દ્ર સરકારના અથાગ પ્રયાસોના અંતે કોરોનાની રસી શોધીને તબક્કાવાર વિવિધ રાજયો તેમજ જિલ્લાઓમાં રસીકરણ શરૂ કરી દેવામાં આવ્યું છે જેના પગલે પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લોક હેલ્થ ઓફિસર એ.એચ. સોલંકી તથા આરોગ્ય અધિક્ષક ડૉ. હર્ષ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રથમ તબકકે આરોગ્ય વિભાગમાં કોરોના વોરીયર્સોને રજીસ્ટ્રેશનમાં નોંધણી થયા મુજબ રસીકરણનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો.

# માલપુર પોલીસ ઉભરાણ ગામમાં ત્રાટકી ઘરમાં ચાલતા વિદેશી દારૂના વેપલાનો પર્દાફાશ કર્યો

ગાંધીના ગુજરાતમાં દૂધ કરતા દારૂ વધુ વેચાતો હોવાની બૂમો અનેકવાર ઉઠી છે. અરવલ્લી એસપી સંજય ખરાતના આગમન પછી બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ખુદ પોલીસતંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ બુટલેગરો સાથે ઘરાબો ધરાવતા હોવાનું પોલીસવડાને ધ્યાને આવતા સસ્પેન્ડ કરી દેતા હોવાથી આવા લોભિયા અને લાલચુ અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. માલપુર પોલીસે ઉભરાણ ગામમાં વિદેશી દારૂનો વેપલો કરનાર રાકેશ ચીમન જયસ્વાલના ઘરે ત્રાટકી ૪૮ બોટલ દારૂનો જથ્થો જપ્ત કરી બુટલેગરને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર પીઆઈ એફ.એલ. રાઠોડ અને તેમની ટીમ



માલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની શખ્ત કાર્યવાહી હાથ ધરતાં બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. ઉભરાણ પંથકમાં પેટ્રોલીંગ દરમિયાન પીઆઈ એફ.એલ. રાઠોડને ઉભારણ ગામમાં રાકેશ જયસ્વાલ નામનો શખ્સ ઘરે જ વિદેશી દારૂ લાવી વેચાણ કરતો હોવાની બાતમી મળતા તાબડતોડ બુટલેગર રાકેશ જયસ્વાલના ઘરે રેડ કરી ઝડપી પાડી ઘરમાં રાખેલી ક્વાંટરીયા-ટીન નંગ-૪૮ કીં. રૂ.૪૯૫૦નો જથ્થો જપ્ત કરી રાકેશ જયસ્વાલને જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જલોત્રામાં વિચરતી વિમુક્ત જાતિના લોકોને રાહતના પ્લોટથી વંચિત રાખવા સામે વિરોધ

## જિલ્લા પંચાયત અપિલ કમિટીએ આપેલો મનાઈ હુકમ રદ કરવા માંગ

વડગામ તાલુકાના જલોત્રા ગામના વિચરતી વિમુક્ત જાતિ તેમજ અતિ પછાત જાતિના લોકોને રાહતના પ્લોટ થી વંચિત રાખવા અંગેનો જિલ્લા પંચાયતની અપીલ કમિટીએ આપેલો મનાઈ હૂકમ રદ કરવાની માંગ સાથે લાભાર્થીઓએ આજે જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરી હતી.

જલોત્રાના વિચરતી વિમુક્ત જાતિના અને અતિ પછાત જાતિના લાભાર્થીઓ એ કરેલી રજૂઆત મુજબ, જલોત્રા ગામમાં વસવાટ કરતા પછાત વર્ગના જરૂરિયાતવાળા વિચરતી વિમુક્ત જાતિના લોકોને રહેણાંકના પ્લોટની તાત્કાલિક જરૂરિયાત હોઈ એ જમીન ના વધતા અને અનુસૂચિત જનજાતિ બક્ષીપંચના વર્ગના લોકોને ભવિષ્યમાં પ્લોટ મળી રહે તે હેતુસર લોકોને પ્લોટ ફાળવવા સરકારે તાજેતરમાં જલોત્રા ના સરકારી ગૌચર નંબર સર્વે નંબર ૩૦૨ ની જમીન ફાળવણી દરખાસ્ત ચાલે છે.

જે જમીનમાં રહેણાંક માટેના પ્લોટો ફાળવવા અંગે કલેકટર બનાસકાંઠા એ ૧-૫ હેકટર જમીન ગામતળ તરીકે નીમ કરી છે. જેમાં દોઢસો વિચરતી વિમુક્ત જાતિના લોકોને સીધી ફાળવણી દરખાસ્ત કલેકટર કચેરી પેન્ડિંગ છે.

ત્યારે અમુક મુઠ્ઠીભર તત્વો દ્વારા ગામ તળ માટેની નવી દરખાસ્ત કરેલ હોય તેમાં અનુકૂળ ગામતળને અન્ય પ્રતિકૂળ જગ્યાએ ખસેડવા અને ભવિષ્યમાં આ જમીનમાં દબાણ કરી હડપ કરવાના ઈરાદે ઘણા લેભાગુ તત્વો લોકોની સાથે એક વ્યક્તિને ખુશ રાખવા માટે અનેક લોકોને અન્યાય કરતા જિલ્લા પંચાયત ના વર્તમાન સભ્ય લક્ષ્મીબેન કરણે પક્ષ પાત રાખી જાતિવાદ કર્યો હોવાનો ખુલ્લો આક્ષેપ કરવામાં આવેલ છે. જેના કારણે નાના અને ગરીબ સમૂહના લોકોને રહેણાંકના હેતુ માટે પ્લોટ થી વંચિત રાખવાના બદઈરાદે સરકારના અધિકારીઓ/પદાધિકારીઓ ગેરમાર્ગે દોરી ગરીબો માટે ખોટા અવરોધો ઉભા કરી બિનજરૂરી કાયદા નિયમો આડા કરતા અતિ પછાત અને વિચરતી જાતિના ઘોર અન્યાય થઈ રહ્યો છે. જે કુદરતી ન્યાયનો સિદ્ધાંત વિરુદ્ધ હોઈ અપિલ સમિતિએ આપેલો મનાઈહુકમ કોઈપણ સુનાવણી કર્યા હોય તે આધાર પુરાવા જોયા વગર આપેલ હોઈ તેમજ જલોત્રા ગ્રામ પંચાયત સરપંચ કે તલાટીને નોટિસ આપ્યા વગર મનઘડત કાયદાનો દુરૂપયોગ કરી આપેલ છે.

જો આ મનાઈ હુકમ દૂર નહિ કરાય તો તો જલોતરા ગામના વિચરતી વિમુક્ત અને પછાત જાતિના લાભાર્થીઓએ ગાંધી ચીંધ્યા માર્ગે ભૂખ હડતાલ પર ઉતરવાની ચીમકી આપી હતી.